# એડીનેટ ઈ–ન્યુઝ ડાયજેસ્ટ

## નંબર-૬૧ ઓક્ટોબર-૨૦૧૯

| CONTENTS | Page No. |
|---|---|
| થોભો અને વિચારો | ૨ |
| શિક્ષણમાં શૂન્યાવકાશ: આપણે બાળકોને માત્ર પરીક્ષાઓ માટે જ ન ભણાવવા જોઈએ | ૨ |
| સ્વાતંત્ર્ય દિવસે ઉત્તરપ્રદેશની સ્કૂલોમાં “વાંચન મેળો” નું આયોજન કરવામાં આવ્યું | ૨ |
| યુજીસી ધ્વારા ઓપન અને ડિસ્ટન્ટ લર્નિંગ માટે નવી ૧૪ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા આપી છે | ૩ |
| દિલ્હીના વાચકો સુધી પહોંચવા માટે મોબાઇલ લાઈબ્રેરી બસ સેવા શરૂ કરવામાં આવી છે- ‘ઘર ઘર દસ્તક ઘર ઘર પુસ્તક | ૩ |
| એક મહિલા બાળકોને જીવનભર વાંચકો બનાવવા માટે લાઈબ્રેરીમાં પરિવર્તન લાવી રહી છે | ૪ |
| તમારી લાઈબ્રેરી ટ્રેડિશનલ લાઈબ્રેરીથી  કઈ રીતે અલગ છે ? | ૪ |
| લેખન કાર્ય ના ફાયદાઓ | ૪ |
| આઈ.આઈ.ટી., ખડગપુરે  એમેઝોન સાથે આર્ટિફિશયલ ઈન્ટેજિલન્સી પોર્ટલ તૈયાર કરવા માટે હાથ મિલાવ્યો છે | ૪ |
| શિક્ષણ | ૫ |
| AICTE એ આર્ટિફિશયલ ઈન્ટેજિલન્સી અને ડેટા સાયન્સમાં બી.ટેક કોર્ષની શરુઆત કરી | ૫ |
| લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ | ૫ |
| ભવિષ્યમાં થનારી આવક ઉપર વિદ્યાર્થીઓને લોન આપવામાં આવે: આઈઆઈટી-દિલ્હી | ૬ |
| ભારત પી.એચ.ડી કરવા માટે ASEAN દેશોના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપશે | ૬ |

## શુભ દિપાવલી

**આ દિવાળીમાં તમારા જીવનને પ્રકાશથી ભરી દો, જેથી આવનારા વર્ષમાં આવતો દરેક દિવસ સ્વાસ્થ્યપૂર્ણ અને સુખીથી પસાર થાય. આ મેળવવા માટે આપણે આપણા જીવનમાં સકારાત્મક વલણ રાખવું જોઈએ અને કામ અને સંબંધોમાં અખંડિતતા જાળવવી જોઈએ.**

## થોભો અને વિચારો

**"દયાળુ બનો, બીજા બધા માટે તમે એક યુધ્ધ લડી રહ્યા છો."**

**.......પ્લેટો**

### શિક્ષણમાં શૂન્યાવકાશ: આપણે બાળકોને માત્ર પરીક્ષાઓ માટે જ ન ભણાવવા જોઈએ :-

કોલકતામાં યોજાનાર કોન્ફરન્સમાં પ્રોફેસર ક્રિષ્નાકુમાર ધ્વારા "ભારતીય સંવિધાનનો અભ્યાસ" વિષય પર આપેલ વકતવ્યમાં જણાવ્યું છે કે, "આપણી પાસે પરીક્ષા માટેની સિસ્ટમ છે, શિક્ષણ માટેની નહીં." તેમણે સમજાવ્યુ કે, શિક્ષણનો અર્થ પાઠને સમજાવવાનો છે.

વ્યાપકપણે નોંધવામાં આવ્યું છે કે, આઈ.આઈ.ટી. અને આઈ.આઈ.એમ. પ્રતિભાનું સંયોજન ગ્રાહકની નજરમાં શૈક્ષણિક પ્રોડક્ટની કિંમત મત હંમેશા વધારતું હોય છે. આઈ.આઈ.ટી. અને આઈ.આઈ.એમ.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ધ્વારા સંચાલિત એક કંપનીની પુસ્તિકામાં જણાવ્યું છે કે, "**તમારા બાળકની અંદર છુપાયેલ પ્રતિભાને શોધો.**" આટલા બધા પ્રયત્નો કરવા છતાં, એવું લાગે છે કે જ્યાં સુધી આપણે આપણી વર્તમાન પરીક્ષા પધ્ધતિને યોગ્ય શિક્ષણ સિસ્ટમથી બદલીશુ નહીં ત્યાં સુધી શિક્ષણમાં શૂન્યાવકાશ જ રહેશે.

**Source | https://www.asianage.com/**

## સ્વાતંત્ર્ય દિવસે ઉતરપ્રદેશની સ્કૂલોમાં "વાંચન મેળો" નું આયોજન કરવામાં આવ્યું :-

નાની ઉંમરેથી જ વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ ઊભી કરવા માટે, બેઝિક એજ્યુકેશન વિભાગ ધ્વારા રાજ્યભરમાં સ્વાતંત્ર્ય દિવસે "વાંચન મેળો" નુ આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ઉતરપ્રદેશની પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોને પણ તેમના કેમ્પસમાં રીડિંગ કોર્નર સ્થાપવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે, જ્યાં પાંચ થી છ બાળકો બેસીને તેમની પસંદગીના પુસ્તકો વાંચી શકે છે, એમ વિભાગ ધ્વારા એક પરિપત્રમાં જણાવવામાં આવ્યું હતું.

આ પરિપત્રમાં, વિદ્યાર્થીઓ ઉપરાંત તેમના માતાપિતાને આ પ્રોગ્રામમમાં ભાગ લેવા માટે જણાવ્યું હતું. બાળકો ઉપરાંત તેમના માતાપિતાઓએ વાંચન, વાર્તા કહેવી અને કવિતા પઠન વગેરે જેવા પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.

સ્વાતંત્ર્ય દિવસે ભૂમિકા ભજવવી, જૂથ વાંચન અને ચિત્ર વાર્તા વગેરે જેવી અન્ય પ્રવૃતિઓ પણ કરવામાં આવી હતી. બાળકોને નાના નાના જૂથોમાં વહેંચી દેવામાં આવ્યા અને તેમને સ્વાતંત્ર્ય દિવસના અનુસંધાનમાં કેટલીક વાર્તાઓ વાંચવા માટે અને કેટલાક દ્રશ્યો ભજવવા માટે જણાવવામાં આવ્યું હતું.

**Source | [News Headlines, English News, Today Headlines, Top Stories | Hindustan Times]()**

## યુજીસી ધ્વારા ઓપન અને ડિસ્ટન્ટ લર્નિંગ માટે નવી ૧૪ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા આપી છે :-

યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશને ડિસ્ટન્ટ લર્નિંગ ધ્વારા અભ્યાસક્રમો પૂરા પાડવા માટે ૧૪ નવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (એચ.ઈ.આઈ.એસ.) ને માન્યતા આપી છે.

૧૪ નવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની યાદી

**14 New Higher Education Institute List | https://www.ugc.ac.in/pdfnews/2642722_HEI-recogrnintion-2019-and-onwards.pdf**

**Final List | https://images.firstpost.com/wp-content/uploads/2019/08/FINAL-RECOGNITION-STATUS-08-05-2019.pdf**

**Source | www.ugc.ac.in**

## દિલ્હીના વાચકો સુધી પહોંચવા માટે મોબાઇલ લાઈબ્રેરી બસ સેવા શરૂ કરવામાં આવી છે- 'ઘર ઘર દસ્તક ઘર ઘર પુસ્તક.' :-

દિલ્હી પબ્લિક લાઈબ્રેરીની સ્કીમ "**ઘર ઘર દસ્તક ઘર ઘર પુસ્તક**" હેઠળ પાંચ- બસ મોબાઇલ લાઈબ્રેરી સેવા શરૂ કરવામાં આવી છે.

કલ્ચર અને ટુરિઝમ મિનિસ્ટર પ્રહલાદસિંઘ ધ્વારા મોબાઇલ લાઈબ્રેરી બસ સેવા શરૂ કરવામાં આવી છે જેનો ઉદેશ્ય દિલ્હીના વાચકો ખાસ કરીને ઝૂપડપટ્ટી વસાહતો અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા વાચકો સુધી પહોંચવાનો છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ બસો સી.એસ.આર. (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) હેઠળ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયાની હેઠળ ખરીદવામાં આવી છે. મિનિસ્ટર ધ્વારા દિલ્હી પબ્લિક લાઈબ્રેરીને પ્રસિધ્ધ વ્યક્તિઓ પરના પુસ્તકોના વિશેષ સંગ્રહને જાળવવાનો નિર્દેશ આપ્યો, જે મોબાઇલ લાઈબ્રેરી બસો ધ્વારા જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવાના છે.

**Source | https://www.india.com/**

## એક મહિલા બાળકોને જીવનભર વાંચકો બનાવવા માટે લાઈબ્રેરીમાં પરિવર્તન લાવી રહી છે :-

દલબીર કૌર મદન બાળકોને જીવનભર વાંચકો બનાવવાના મિશન પર કામ કરે છે.

૨૦૧૧માં તેણીએ અમૃતસરમાં વન અપ લાઈબ્રેરી અને બુક સ્ટોરની સ્થાપના કરી. અમૃતસરમાં નવી પહેલને સફળતા મળ્યા પછી ૨૦૧૭માં મદને દિલ્હીમાં વન અપ ચિલ્ડ્રન્સ લાઈબ્રેરીની શરુઆત કરી, જેમાં બાળકો સારી રીતે વાંચી શકે તે રીતે મદન ધ્વારા મદદ કરવામાં આવતી.

## તમારી લાઈબ્રેરી ટ્રેડિશનલ લાઈબ્રેરીથી કઈ રીતે અલગ છે ?

સંશોધનમાં સૂચવવામાં આવ્યું છે કે ૩ વર્ષની ઉંમરેથી બાળકોમાં વાંચનની ટેવ પાડવામાં આવે તો બાળકોના શબ્દભંડોળમાં ૧,૫૭,૦૦૦ શબ્દોનો ઉમેરો થાય છે.

લાઈબ્રેરી ધ્વારા બાળકોના માતાપિતાને લાઈબ્રેરીના સભ્ય બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેથી તેમના બાળકોમાં વાંચનની ટેવ પડી શકે. લાયબ્રેરી ધ્વારા બાળકોના માતાપિતાને વેકેશન દરમિયાન બાળકોના પુસ્તકો વાંચતા ફોટા મોકલવા માટે કહેવામાં આવ્યું છે. લાયબ્રેરી ધ્વારા ઘણી પ્રવૃતિઓ જેવી કે "કોઈ પણ પુસ્તક આપો અને પુસ્તકો વાંચો" હોસ્ટ કરવામાં આવે છે, અને બાળકોને પુસ્તકોના રિવ્યુ લખવા માટે પ્રેરણા આપવામાં આવે છે જેથી બાળકો વિવેચકતાથી વિચારી શકે.

**Source |** https://qz.com/

## લેખન કાર્ય ના ફાયદાઓ :-

નિયમિત લેખન કાર્ય કરવાથી માત્ર માનસિક અવ્યવસ્થા દૂર નથી થતી, પરતું સંબધોમાં પણ સુધારો લાવી શકાય છે.

**Source | Times of India | 11th August 2019**

## આઈ.આઈ.ટી., ખડગપુરે એમેઝોન સાથે આર્ટિફિશયલ ઈન્ટેજિલન્સી પોર્ટલ તૈયાર કરવા માટે હાથ મિલાવ્યો છે :-

આર્ટિફિશયલ ઈન્ટેજિલન્સીના શિક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે, ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (આઈ.આઈ.ટી), ખડગપુરે નેશનલ આર્ટિફિશયલ ઈન્ટેજિલન્સી રિસોર્સ પોર્ટલ (એન.એ.આઈ.આર.પી.) પ્લેટફોર્મ વિકસાવવા માટે એમેઝોન વેબ સર્વિસીસ સાથે સહયોગની જાહેરાત કરી છે.

આર્ટિફિશયલ ઈન્ટેજિલન્સી સેન્ટરના વડા ના જણાવ્યા મુજબ, **"આર્ટિફિશયલ ઈન્ટેજિલન્સીમાં કુશળ વ્યવસાયિકો અને સંસાધનોની માંગ વધારે છે. આ પ્લેટફોર્મના વિકાસથી ભારતમાં આર્ટિફિશયલ ઇન્ટેલિજન્સી સમુદાયને વેગ મળશે."**

**Source |** https://news.siliconindia.com/

## શિક્ષણ :-

નવી શિક્ષણનીતિ અને ઉચ્ચ શિક્ષણ વધારવાના પગલાં પ્રોત્સાહક છે.

કે.કસ્તુરીરંગન કમિટિએ રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૧૯ નો ડ્રાફ્ટ રજૂ કર્યો છે. નવી શિક્ષણનીતિ નવેમ્બરમાં આવશે.

પાંચ જાહેર યુનિવર્સીટીઓને **"પ્રખ્યાત સંસ્થા"** ના ટેગ પ્રાપ્ત કર્યા છે અને પાંચ ખાનગી યુનિવર્સીટીઓએ તે માટેના ઉદેશપત્રો પ્રાપ્ત કર્યા છે.

**Source I** https://www.indiatoday.in/

## AICTE એ આર્ટિફિશયલ ઈન્ટેજિલન્સી અને ડેટા સાયન્સમાં બી.ટેક કોર્ષની શરુઆત કરી :-

ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશને (AICTE) આર્ટિફિશયલ ઈન્ટેજિલન્સી અને ડેટા સાયન્સમાં બેચરલ ઓફ ટેક્નોલોજી (બી.ટેક) કોર્ષની શરુઆત માટેની જાહેરાત કરી છે જેથી આ ટેકનોલોજીમાં કુશળ માણસોની વધતી માંગને પહોચી શકીએ.

**Link | https://pralhad-fyilibrarian.blogspot.com/2019/09/aicte-to-approve-btech-course-in-ai.html**

**Source I** https://www.thehindu.com/

## લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ :-

લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ એ ઇનોવેટીવ વેબ આધારિત ટ્રેનિંગ છે.

એકવાર ઈ-લર્નિંગ કોર્ષનું મટિરિયલ્સ અપલોડ અને લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ પર પ્રકાશિત કરી દીધા પછી એ માહિતી ગમે ત્યારે મેળવી શકાય છે. કોઇપણ વ્યક્તિ ઈ-લર્નિંગ પ્લેટફોર્મ ઉપર તેમના સ્માર્ટફોન અને ટેબલેટ ધ્વારા પણ લોગ ઈન કરી શકે છે. તેમણે તેમની કુશળતાનો વિકાસ અને સારી રીતે કાર્ય કરવા માટે બીજા ઓનલાઈન ટ્રેનિંગ સેશનની પણ રાહ નહી જોવી પડે.

સારા લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમની મદદથી શીખનારની પ્રગતિ કેટલી થઈ રહી છે તે જાણી શકાય છે. મોટાભાગના લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ વિશેષતાની જાણ કરવી અને વિશ્લેષણાત્મક સાધનો જે તેમને તમારા ઈ-લર્નિંગ કોર્ષના એવા ક્ષેત્રોને નિર્દેશિત કરવાની મંજુરી આપે છે જેનો અભાવ હોઈ શકે છે.

અહિયાં ટ્રેનિગ ઓનલાઈન આપવામાં આવે છે જેથી શીખનારાઓને ઈનસ્ટ્રકટરનો પરિવહન ખર્ચ, ટ્રેનિગના સ્થળે રહેવા માટેનું ભાડું, મટીરીયલ નો ખર્ચ વગેરે ખર્ચાઓ ચુકવવા પડતા નથી.

લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ ધ્વારા ઓનલાઈન ટ્રેનિગના સમયમાં પણ ઘટાડો થાય છે. ઓનલાઈન શીખનારાઓને જે

માહિતી જોઈએ છે તે સીધી અને સંગઠિત રીતે મેળવી શકાય છે.

ઓનલાઈન પરીક્ષા, ક્વીઝ,ઈ-લર્નિંગ વીડિયો ધ્વારા કઠિન કાર્ય કરવા માટે જે જ્ઞાનની જરૂર છે તે પૂરું પાડવામાં આવે છે.

**Source |** **Mid Day | 11th September 2019**

## ભવિષ્યમાં થનારી આવક ઉપર વિદ્યાર્થીઓને લોન આપવામાં આવે: આઈ.આઈ.ટી. દિલ્હી :-

દિલ્હીમાં આવેલ ઇન્ડિયન ઈનસ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીએ સરકારને વિંનતી કરી કે ઓસ્ટ્રેલિયાની જેમ વિદ્યાર્થીને ટ્યુશન ફી ભરવા માટે જે લોન લીધી હોય તે લોનની ભરપાઈ તે વિદ્યાર્થીને નોકરી મેળવ્યા પછી જ કરવામાં આવે.

ઓસ્ટ્રેલિયામાં ઉચ્ચ શિક્ષણ લોન પ્રોગ્રામ (HELP) હેઠળ વિદ્યાર્થીઓને આપેલ ટ્યુશન ફી માટેની લોનને વિદ્યાર્થીઓ નોકરી મેળવ્યા પછી ચૂકવી શકે છે. HELP એ મોર્ગેજ લોનથી અલગ છે આ પ્રોગ્રામમાં લોન લેનાર વિદ્યાર્થી પોતાની કમાણીના આધારે લોનની ચૂકવણી કરી શકે છે.

આઈ.આઈ.ટી. દિલ્હીએ સૂચવ્યુ છે કે, માનવ સંસાધન વિકાસ મંત્રાલયે એક એવી એજન્સી સ્થાપવાનો વિચાર કરવો જોઈએ જે ઉચ્ચ શૈક્ષણિક નાણાકીય સંસ્થા જેવી જ હોય જેનું કાર્ય વિદ્યાર્થીઓને જરૂરિયાત પ્રમાણે ટ્યુશન ફી ભરવા માટે જાતે જ નાણાંની ચુકવણી કરે અને વિદ્યાર્થીને નોકરી મળે ત્યારે વધારાના ટેક્સ સાથે નાણાં પાછા મેળવે.

આઈ.આઈ.ટી. માટે મહત્વનું છે કે તેમના વિદ્યાર્થીઓ સારા પગારની નોકરી કરતા સંશોધન અને જાહેર સેવા સહિતના અન્ય ક્ષેત્રોમાં તેમના પેશનને અનુસરે છે.

**Source |** **https://indianexpress.com/**

## ભારત પી.એચ.ડી કરવા માટે ASEAN દેશોના વિદ્યાર્થીને શિષ્યવૃતિ આપશે :-

ભારતની આઈ.આઈ.ટી.માં આસિયાન વિદ્યાર્થીઓને પી.એચ.ડી કરવા માટે ૧૦૦૦ શિષ્યવૃતિઓ આપવામાં આવશે, આ જાહેરાતથી આસિયાન દેશોને વિકાસ કરવા માટેની નવી તક પ્રાપ્ત થશે.

આ શિષ્યવૃતિ પ્રોગ્રામ માટેનું બજેટ ૩૦૦ કરોડ રૂપિયા છે અને આસિયાન વિદ્યાર્થીઓની પ્રથમ બેંચ જાન્યુઆરી ૨૦૨૦થી શરૂ થશે.

**Source |** **Daily News Analysis | 17th September 2019**

આ અંકની માહિતી આપનાર **શ્રી પ્રહલાદ જાધવ**, વરિષ્ઠ ગ્રંથપાલ, ખેતાન એન્ડ કંપની, મુંબઈ.